# જાહેરનામું

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) આર(૩) મુજબ કાઢેલ હુકમ**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૧૨૯/૨૦૧૯**

અમદાવાદ મહાનગર પાલિકાની પેટા ચુંટણી તા.૨૨/૧૦/૨૦૧૯ અન્વયે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની રાજયના ચુંટણીપંચ અમદાવાદ તા.૨૪.૦૯.૨૦૧૯ ની સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે.આ ચુંટણી પ્રચારના કોઈપણ હેતુ માટે કોઈપણ પ્રકારના વાહનો પર ગોઠવેલ કે જાહેર સભાના હેતુ માટે સ્થાયી સ્થિતિમાં ગોઠવેલ લાઉડ સ્પીકરના ઉપયોગ બાબતે ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૫૦૯/૮૧/૯૪/જેએસઆઈ તા.૧૩.૦૫.૯૪ તથા તા.૧૩.૦૧.૯૪ ના હુકમ નં.જે.એસ.૨ ના પારા ૩.૩ અને ૩.૫ તથા ભારતના ચુંટણી પંચની સુચના નં.૪૬૪/આઈએનએસટી/૨૦૦૭/પીએ લેન-૧, તા.૦૭.૦૧.૦૭ ના પારા-૧૮ તથા ૧૯ માં આપેલ સુચનાઓ મુજબ ચુંટણી જાહેર થયા પછી લાઉડ સ્પીકરના ઉપયોગ ઉપર નિયંત્રણ રાખવા જણાવેલ છે.

ચુંટણી પ્રક્રિયા દરમ્યાન રાજકિય પક્ષો, ઉમેદવારો અને તેમના કાર્યકર્તાઓ, સમર્થકો, ચુંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. પ્રચાર માટે ઉંચા અવાજે લાઉડ સ્પીકરના ઉપયોગના કારણે ખુબ જ ધ્વનિ પ્રદુષણ પેદા થાય છે અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. જેથી ચુંટણી પ્રક્રિયા દરમ્યાન બેફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી છે.

હું એ.કે સિંઘ,પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ના અધિનિયમની કલમ-૩૩(૧) આર (૩) થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

**સમગ્ર અમદાવાદ શહેરની હકુમત હદ વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.**

(૧) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના કલાક ૦૬/૦૦ થી રાત્રીના કલાક ૨૨/૦૦ સુધી જ થઈ શકશે.

(૨) ચુંટણી પ્રચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હિકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ પ્રકારના વાહન પર ચુંટણી પ્રચાર દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સંબંધિત ચુંટણી અધિકારીશ્રી/મદદનીશ ચુંટણી અધિકારીશ્રી પાસેથી નિયત નમુનામાં અરજી કરીને પ્રથમ વાહન પરમીટ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સંબધિત મતદાર વિભાગના ચુંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચુંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતાં પહેલા લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૪) લેખિત પરવાનગી વગર કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૫) કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલા સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહી.

**આ હુકમ તા.૧૫/૧૦/૨૦૧૯ કલાક ૦૦.૦૦ થી તા-૨૪/૧૦/૨૦૧૯ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.**

**આ હુક્મ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ આવતાં ૩૫- બહેરામપુરા વોર્ડ વિસ્તારને લાગું પડશે.**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર ભારતની પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવી, તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ-૧૧/૧૦/૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.
(૩) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી અમદવાદ/જીલ્લા ચુંટણી અધિકારી અમદાવાદ શહેર.
(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ મીરજાપુર અમદાવાદ શહેર.
(૮) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ શહેર.
(૯) રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ શહેર.
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મીજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૧૧) જીલ્લા ચુંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી
(૧૨) મુખ્ય ચુંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

(૧) સંયુકત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર. ક્રાઈમબ્રાન્ચ, અમદાવાદ શહેર
(૨) અધિક પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧, અમદાવાદ શહેર
(૩) અધિક પોલીસ કમિ.શ્રી ટ્રાફીક શાખા અમદાવાદ શહેર.
(૪) તમામ નાયબ પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર.
(૫) મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટવડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધિ કરવા સારૂ.
(૬) તમામ મદદશી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
(૭) સીનીયર સરકારી વકીલશ્રી અમદાવાદ શહેર.
(૮) જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)
(૯) તમામ પો.ઈન્સ.શ્રીઓ અમદાવાદ શહેર (જાહેર જ્ગ્યાઓએ નકલો ચોટાટી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ. )
(૧૦) પોલીસ ઈન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૧૧) પોલીસ સબ ઈન્સ.શ્રી સાબરમતી રેલ્વે.પો.સ્ટે.